


## સલામી સવારની..

*ફરક્યું છે સ્મિત અડવાણીના ચહેરા પર*
*થઈ થોડી ભીંસ ઢીલી ધાકના પહેરા પર*
*બેસૂરા થયા છે સૂર મોરલી મનોહરના*
*બેઠું ગીધ શ્રી અમિત શાહના દહેરાં પર*

હાઈકુ

*લાગ જોઈને*
*શ્રી યશવંત સિંહા -*
*દે અપયશ...*

*સત્તા પ્રભાવે -*
*જો જો છટકે નહીં -*
*દાબેલી સ્પ્રીંગ...*

## ચિંતન

**અધોઅધઃ પશ્યતઃ કસ્ય મહિા નોપચીયતે । ચપર્યુપરિ પશ્યન્તઃ સર્વ એવ દરિદ્રતિ ॥**

'માણસ જેમ જેમ પોતાના કરતાં પરિસ્થિતિ હાલતમાં ઊતરતી કક્ષા-સ્થિતિવાળા તરફ જુએ-એમની હાલત-સ્થિતિનો વિચાર કરે તેમ તેમ પોતાનું મોટાપણ - સારી સ્થિતિનો વધારેને વધારે ખ્યાલ આવે. સમજાય છે પરંતુ જો માણસ પોતાના કરતાં વધારે સમૃદ્ધ-ધનવાન-ઉચ્ચ પરિસ્થિતિવાળા તરફ નજર નાખે, તેમ તેમ પોતાની નબળી સ્થિતિ અને દારિદ્રય જ દેખાય છે.'

ધર્મરાજ અને પાંડવો જયારે વનમાં દુઃખદ-ખરાબ પરિસ્થિતિમાં હતા ત્યારે ધર્મરાજે મુનીશ્વરના આશ્રમમાં જઈ પૂછ્યું, અમે સત્યના માર્ગે છીએ છતાં અમને આટલાં બધાં દુઃખ શા માટે? મુનિ કહે, તમે તો જુગાર રમ્યા એનું પરિણામ ભોગવો છો પરંતુ નળરાજા અને દમયંતી તો પુણ્યશ્લોક પવિત્ર દંપત્તિ હતાં છતાં પણ કોઈ પણ દોષ વિના ખૂબ જ કષ્ટ વેઠ્યાં - રાજન આપણાથી જે વધારે દુઃખી હોય તેમને જોઈ આપણું દુઃખ આંકવું જો આપણાથી વધારે કોઈ સુખી હોય તેની સાથે સરખામણી કરીએ તો દુઃખ વધારે થાય. ઉલ્ટું સુખી હોય તે પણ દુઃખ અનુભવે છે.

લીટીની બાજુમાં બીજી બે નાની અને મોટી લીટી આંકી હોય ત્યારે એકથી એ મોટી હોય તો બીજી એ નાની હોય - પરિસ્થિતિનું પણ આવું જ છે.

## સુવિચાર

- માનવી એટલો જ મહાન બનશે, જેટલો એ પોતાના આત્મામાં સત્ય, ત્યાગ, દયા, પ્રેમ અને શક્તિનો વિકાસ કરશે - **ચાણક્ય**
- આનંદ બહારના સંજોગો પર નહીં, આપણી અંદરની હાલત પર જ નિર્ભર છે - **ડેલ કાર્નેગી**
- તમે લાંબુ જીવ્યા કે ટૂંકુ તે મહત્ત્વનું નથી, તમે જીવનના કયાં મૂલ્યો માટે જીવ્યા કે ફના થયા તે મહત્ત્વનું છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કઈ બાબત સૌથી કઠોર? 'ગરીબી', કઈ બાબત સૌથી મધુર? 'એકાત', કઈ વસ્તુ સૌથી મોટી? બ્રહ્માંડ, કેવી ભેટ સૌથી વિરલ? 'મનુષ્ય જન્મ' - **બ્રહ્માંડ**
- બીજાનાં હૃદયમાં આપણે કેટલો પ્રેમ પ્રગટાવ્યો છે એ જ આપણા આનંદનો સાચો માપદંડ છે - **ઝેન કથન**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

ગુર્જીએફ મહાન ચિંતક તો હતા જ પણ શાંતિ અને સંયમની સાક્ષાત મૂર્તિ હતા. 'ક્રોધ' પર એમનો સંપૂર્ણ કાબુ હતો. એ કદાપિ ગુસ્સો થતા જ નહીં. જયારે વાતવિવાદે ચઢે અને રંગ બદલે ત્યારે એ એવું કહી ત્યાંથી સરકી જતા અને કહેતા 'સારું, આ વાતે આપણે ફરી કાલે ચર્ચા કરશું - અને બીજે દિવસે દેખાતા જ નથી.'

એક શિષ્યએ ગુર્જીએફને ક્રોધ પર કાબૂ મેળવવાનું રહસ્ય પૂછ્યું ત્યારે ગુર્જીએફે કહ્યું :

મરા પિતા મૃત્યુની છેલ્લી ક્ષણોમાં હતા ત્યારે મારા માથે હાથ મૂકી વ્હાલથી કહ્યું, બેટા! હું તારે માટે મોટી કોઈ સંપત્તિ તો મૂકતો જતો નથી પણ એક સોનેરી સલાહ, જે મને પણ મારા પિતાએ મૃત્યુ વખતે આપી હતી. તે જ તન સોંપતો જાઉં છું. મારા પિતાએ કહ્યું હતું કે 'તને જયારે ગુસ્સો-ક્રોધ આવે ત્યારે તરત જ પ્રત્યાઘાત આપવાને બદલે ચોવીસ કલાક પછી જ નિર્ણય લેજે.'

... અને હું - એ સુવર્ણ સલાહને જીંદગીભર અનુસર્યો અને મને કદાચ ક્રોધ કરવાનો વખત જ ન આવ્યો. ક્રોધ-ગુસ્સાની-દલીલની વાત ચોવીસ કલાક પછી તદન નજીવી અને ક્ષુલ્લક જ જાણાતી...'

# ભારત સરકારે પૅરિસ ઘટનામાંથી પદાર્થપાઠ લેવો જોઈએ

## તંત્રીસ્થાનેથી....

વિશ્વનું સૌથી રળિયામણું શહેર આખરે આતંકના ઓછાયા હેઠ આવી જ ગયું. 'શાર્લી હેબ્દો' અખભારની ઓફિસ પર થયેલા હુમલા પછી ફ્રાંસ આવા આતંકી હુમલાઓ પરત્વે જાગ્રત તો હતું જ. તેમ છતાં આવડી મોટી દુર્ઘટનાને અંજામ આપી શકાયો તેને ઈસ્લામિક આતંકવાદની પરાકાષ્ઠા અને સફળતા જ ગણવી રહી. બીજા વિશ્વયુદ્ધ પછી પહેલી જ વાર ફ્રાંસમાં કટોકટી લદાઈ છે અને પ્રમુખ ઓંલાદે આ આતંકી હુમલાને રીતસરનું યુદ્ધ જ ગણાવી એમના દેશની માનસિકતાનો યોગ્ય પડઘો પાડ્યો છે. પ્રમુખ પોતે જર્મની-ફ્રાંસ વચ્ચે રમાઈ રહેલી ફૂટબોલ મેચ નિહાળી રહ્યા હતા તે જ સમયે સ્ટેડિયમ બહાર પણ ધડાકા થયા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રમુખને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા એ તો સમજાય, પરંતુ દર્શકો ફ્રાંસનું રાષ્ટ્રગીત ગાતા ગાતા સ્ટેડિયમ ખાલી કરી રહ્યા હતા, તે આ મહાન રાષ્ટ્રની સંસ્કૃતિને મૂઠી ઊંચેરા ફલક પર સ્થાપે છે. ફ્રાંસની પ્રજા સાંસ્કૃતિક માપદંડોથી વિશ્વની સર્વશ્રેષ્ઠ પ્રજા કેમ ગણાય છે, એનો આ જવાબ છે. પરંતુ સંસ્કૃતિ સામે વિકૃતિની પરાકાષ્ઠા સમી આઈએસઆઈએસની આતંકવાદી પ્રવૃત્તિ એ વર્તમાનકાળનો સૌથી મોટો અનુત્તર સવાલ છે, એ પણ સ્વીકારવું જ રહ્યું. અલકાયદાની કમર તોડી નાખવામાં અમેરિકાને સફળતા સાંપડી હતી પરંતુ અલ બગદાદીનો આજ લગી તે વાળ વાંકો કરી શકેલ નથી. ઘણા બધા જેહાદીઓને જીવતા ભૂંજી નાખ્યા પછી પણ ઓબામા બગદાદી સુધી પહોંચી શક્યા નથી. થોડા વખત અગાઉ રશિયાનું એક નાગરિક વિમાન તોડી પાડીને બગદાદીની સેનાએ એની તાકાતનો પરચો બતાવી દીધો છે. ફ્રાંસને ઊંચા જીવે રાખવાની બડાશ મારનાર બગદાદી સામે યુરોપ અને અમેરિકાની સંયુક્ત તાકાત પણ કારગત નથી નીવડી તે શું દર્શાવે છે? આખી દુનિયાની જમાદારી કરનારું અમેરિકા 'નાઈન-ઈલેવન'ના હુમલા પછી વામણું લાગવા માંડ્યું હતું. એ હુમલા પછી અમેરિકાનું સુરક્ષાકવચ એટલું મજબૂત બની ગયું છે કે આતંકવાદીઓએ એમની તોપનાં નાચળાં યુરોપ તરફ ગોઠવી દીધા લાગે છે. આખરે વાત તો એકની એક જ છે. વિશ્વમાં ઈસ્લામની સત્તા સ્થાપવા મથતાં કટ્ટરવાદી પરિબળોને એમનો સૌથી મોટો હરીફ તો ખ્રિસ્તી સમુદાય જ લાગે તે સ્વાભાવિક છે. અમેરિકા અને યુરોપ તેમજ ઓસ્ટ્રેલિયાની ગોરી પ્રજા સામે ઈસ્લામી આતંકવાદનો ભય ઝળૂંબી રહ્યો છે એમ હિંદુસ્તાન અને ચીન જેવી ઊભરતી મહાસત્તાઓ પણ એમના નિશાન પર છે જ. ચીનના સામ્યવાદી શાસન સામે એમની દાળ ગળે એમ નથી, પણ હિંદુસ્તાનમાં તો એમને આરામથી પ્રવેશ મળતો રહ્યો છે. કાશ્મીર એમનો અડ્ડો બની ગયેલ છે અને પાકિસ્તાન તો આતંકવાદનું વૈશ્વિક એપી સેન્ટર જ છે. દાઉદ ઈબ્રાહિમને પકડી લાવવા પછી પણ આ આતંકવાદ મટવાનો નથી. જો કે દાઉદ ઈબ્રાહિમને પકડી શકાશે તો હિંદુસ્તાનની અને વિશેષપણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શાખ અને ધાક જરુર વધશે. એથી બિહારમાં ચૂંટણીમાં ખોવાયેલી કે પગ નીચેથી સરકી ગયેલી જમીન પણ પાછી મળી જશે, એવું માનનારા ભીંત ભૂલે છે. શક્યતા તો ત્રીજા વિશ્વયુદ્ધની જ વરતાઈ રહી છે, જેમાં ઈસ્લામ અને ખ્રિસ્તી દુનિયા સામસામે ટકરાવવાનો સંભવ છે. બીજી તરફ રશિયા-ચીન-પાકિસ્તાન વચ્ચે આકાર રહેલી રહેલી રાજકીય ધરી વિશ્વસત્તા તરીકે અમેરિકા સામે મોરચો માંડે એવી સંભાવના નકારી શકાય એમ નથી. ભારતને વિશ્વસત્તાની પંગતમાં બેસાડવાની મહેચ્છા ધરાવતા મહત્ત્વાકાંક્ષી વડાપ્રધાન ઘરઆંગણે નબળા પડી રહ્યા છે પણ ફ્રાંસમાં દોઢસોથી વધુ માણસોનો ભોગ લેનારી આતંકવાદી ઘટના વખતે જ વેમ્બલીની એનઆરઆઈ જમાત આગળ મોટી મોટી વાતો કરી તાળીઓ પડાવી શકે છે. બહુ જ સાવચેતીપૂર્વક, ફૂંકી ફૂંકીને ડગ મૂકવાની તાકીત કરતી ઘટનાને આગામી કપરા દિવસોની આગાહી સ્વરુપે જોવી જ રહી.

## જે ન મળ્યું એનો અફસોસ કરવાને બદલે જીવનમાં શું પામ્યા છીએ એને જાણીએ, માણીએ અને ઊજવીએ, અને આ જ વિચારથી નવા વર્ષના શ્રીગણેશ કરીએ...




**સાલભર તું આ રીતે બસ આવતો રહેજે પ્રભુ,**
**ને સદા દિલમાં દિવા પ્રગટાવતો રહેજે પ્રભુ.**
**તું સ્વયં પ્રકાશ છે તો ઘોર આ અંધકાર કાં ?**
**રાહ મારો રાત'દિ અજવાળતો રહેજે પ્રભુ.**

**- (ડો. મુકેશ જોષી : ક્ષણોની મહેફિલ)**

દિવાળીના તહેવારને ધામધૂમથી અને મનભરીને માણ્યા બાદ તહેવારના આ માહોલમાંથી બહાર આવવું આપણા સૌને માટે કસોટીસમાન હોય છે, પણ છતાં ધીરે-ધીરે આપણે સૌ પાછા આપણા **routine** માં જાતને ગોઠવવાના પ્રયાસ કરવા લાગીએ છીએ. દિવાળીના આ તહેવારમાં સકારાત્મક ઊર્જાનો જે સંચય આપણામાં વ્યાપ્યો છે તેને મનમાં ભરીને નવા વર્ષની શુભ શરૂઆત લાભપાંચમના પવિત્ર દિવસ કરીએ છીએ. આવનારું વર્ષ લાભદાયી તેમજ ફળદાયી બની રહે તે માટે ઈશ્વરને સ્મરીને કોઈ પણ કાર્યની શરુઆત કરીએ છીએ. અંદરના ઘોર અંધકારને ભેદીને 'સ્વ'ને ઝળહળ પ્રકાશથી ભરી દઈએ છીએ.

દિવાળીના તહેવારમાં રોકડા રૂપિયાની નવી-નક્કોર નોટોનું પણ એક આગવું મહત્ત્વ હોય છે. આપણે ઓળખતા હોઈએ તેવા તમામ બેંકના કર્મચારીઓનો સંપર્ક કરીને. આ પ્રકારની કડકડતી નોટોને મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. ઘણીવાર તો થોડા વધુ પૈસા આપીને પણ નવી અને કડક નોટો મેળવવાના આપણા મોહને આપણે રોકી શકતા નથી. સંબંધના કારણે બેંકના કર્મચારીઓને પણ આપણે શરમમાં મૂકતા અચકાતા નથી. નવા કપડા અને નવી સાજસજાવટ સાથે નવા વર્ષની શરૂઆત પણ આપણે નવી નક્કોર નોટ સાથે કરીએ છીએ. પણ જૂની નોટમાં આપણી મહેનતની જે મહેંક હોય છે એ આ કડક લાગતી નોટમાં હોય ખરી ? દેશી સુગંધિત ગુલાબ અને ચાઈનીઝ રોઝ જેટલો ફેર આ બંનેમાં વર્તાય છે. ફૂલના બધા જ ગુણધર્મો આ ચાઈનીઝ 'રોઝ' માં હોય અને દેખાવમાં પણ તે અત્યંત આકર્ષક હોય પરંતુ સૌથી મહત્ત્વની બાબત છે ગુલાબના ફૂલની સુંદર મજાની મહેંક -તેની ખુશ્બુ; એ પેલા ચાઈનીઝ રોઝમાં કે **artificial flower** માં હોતી નથી. નવી નોટનો આંધળો મોહ એ કંઈક આવી જ બાબત ગણી શકાય.

દિવાળીના તહેવારમાં ઊજવણીના ઉત્સાહ ઉપરાંત એક સુંદર બાબત વણાયેલી છે અને એ છે કે પ્રણ લેવાની પરંપરા. બેસતા વર્ષના દિવસે દરેક વ્યક્તિ નાનું એવું પણ એક પ્રણ કે એક સંકલ્પ લે તો જ આ તહેવારની ઊજવણી સંપૂર્ણપણે સંપન્ન થઈ ગણાય. નાના હોઈએ કે મોટા પણ ઘરના દરેક સભ્યોએ સાથે મળીને સવારે દેવદર્શનથી આવીને પ્રણ લેવું એવી આપણી પરંપરાને જાળવી રાખીએ. નવા વર્ષને સુદર રીતે વધાવીએ,

**"આજ આકાશ લાગતું આનંદથી ભર્યું ભર્યું,**
**ને આજ ધરતીએ જાણે કે રૂપ નવું ધર્યું !"**

આપણી આસપાસ પંખીઓ તેમજ ફૂલછોડ એ તમામને આ નવા વર્ષે નવા સ્વરૂપે મળીએ. અને આ સૌને આપણા જીવનનો હિસ્સો બનાવીએ. જીવનની ઘટમાળ તો આમ જ અવિરતપણએ સમયના ચક્રરુપે વ્યતીત થતી જ રહેશે પણ એ બધામાંથી પોતાના માટે અને પોતાને ગમતી વ્યક્તિ માટે તેમ જ પોતાના મનપસંદ કામને માટે સમય ફાળવીએ. જીવનમાં જે મળ્યું છે એનો સંતોષ માનીએ અને ઈશ્વરની આ કૃપાદૃષ્ટિ માટે તેના ઋણી રહીએ. જે નથી મળ્યું કે પાછળ છૂટી ગયું તેનો અફસોસ ભૂલીને સમયની સાથે કદમ મિલાવીને આગળ વધીએ. સંપૂર્ણ પૂર્ણતા તો સૂર્યોદયના નસીબમાં પણ નથી અને માટે જ કોઈએ કહ્યું છે કે,

**"કમભાગ્ય તો**
**સૂર્યોદયને પણ નડે છે !**
**- એના નસીબમાં**
**સાંજ નથી હોતી."**

તો જે ન મળ્યું એનો અફસોસ કરવાને બદલે જીવનમાં શું પામ્યા છીએ એને જાણીએ, માણીએ અને ઊજવીએ, અને આ જ વિચારથી નવા વર્ષના શ્રીગણેશ કરીએ.

**- nehalgadhavi101@gmail.com**

# "કાગઝ કી કશ્તીમેં સૈર કર આયી બચપન મેં જાકે ખૂદ કો મીલ આયી..."




**"કાગઝ કી કશ્તીમેં સૈર કર આયી**
**બચપન મેં જાકે ખૂદ કો મીલ આયી..."**

આપણે બધાંએ કેલિડોસ્કોપ જોયું છે અને નાનપણમાં બનાવ્યું પણ છે. કાચની ત્રણ પટ્ટીઓને ત્રિકોણાકારે ગોઠવીને, દોરીથી બાંધી દઈ બંને છેડે કાચ લગાવી, જે પ્રિઝમ જેવો આકાર થાય તેમાં બાની રંગબેરંગી કાચની બંગડીઓના ટુકડા ભરીને પછી એક આંખ બંધ કરીને જોયા કરવાનું. થોડી થોડી વારે ગોળ ગોળ ફેરવતા રહેવાનું અન જે જાતજાતની રંગબેરંગી આકૃતિઓ બનતી જાય તે જોવાની મજા પડી જાય! અનાયાસે બનતી જતી રંગબેરંગી આકૃતિઓ અને આપણે એમાં ખોવાઈ જઈએ.

નિરાંતની પળોમાં, ઈઝીચેરમાં શાંતિથી બેસીને, આંખો બંધ કરીને તંદ્રામાં ખોવાઈ જઈને ત્યારે આવું જ કંઈક બને છે આપણા મનમાં. શરુઆતમાં તો આંખો બંધ કરીએ એટલે કાળો રંગ કે લાલ રંગ આંખો આગળ છવાઈ જાય. જેમ જેમ આપણું મન શાંત બનતું જાય તેમ તેમ સરસ મજાના આકારો દેખાવા માંડે છે. રંગબંરેગી અને ભાતભાતના. બિલકુલ કેલિડોસ્કોપ જેવું જ દશ્ય સર્જાય છે આપણે એમાં ખોવાઈ જઈએ છીએ.

પછી યાદ આવવા માંડે છે બાળપણની વાતો/




ઘટનાઓ/પ્રસંગો. એમાં કશું ઉદ્વેગ કરાવનારું નથી. અકળામણ થાય તેવું કંઈ જ યાદ આવતું નથી. બસ નકરું બાળપણ... નિર્દોષ મસ્તી અને મનમાં સચવાયેલાં દશ્યો જ માત્ર દેખાય છે.

એવું કેમ બને છે કે જુવાનીની કોઈ વાતો કે પ્રસંગો દેખાતા નથી? નહિંતર, નાના હતા ત્યારથી જે મેળવવા મહેનત કરી તે પૈસો, પ્રતિષ્ઠા, પ્રેમ, નાની મોટી સિદ્ધિઓ તો યુવાની પછી મેળવી છે પણ ખરેખર એ બધું કશું જ યાદ આવતું નથી.

જો કે એ પાછી અલગ વાત છે કે અત્યારે જે નાનાં બાળકો છે તેમને તો જલ્દી જલ્દી મોટા થઈ જવું છે. પપ્પાની જેમ રોફ મારવો છે, મમ્મીની જેમ પર્સ લટકાવી ઓફિસ જવું છે કે પછી પોલીસ કે છૂકછૂક ગાડીના ડ્રાઈવર બનવું છે.



'પેપર બોટ' બ્રાન્ડથી પ્રસિદ્ધ થયેલા ફ્રૂટ જ્યૂસની જાહેરાતમાં પણ આ વાત જ હાઈલાઈટ થઈ છે કે, એક યુવતી આ જ્યૂસ પીતાં પીતાં પોતાના બાળપણમાં ખોવાઈ જાય છે. જેમાં, મમ્મી દાડમ દાણા ફોલ્યા કરે છે અને પોતે મમ્મીની નજર ચૂકાવીને દાડમ દાણાનો બૂકમો મારી લે છે.

મને પોતાને પણ હું દેખાઉં છું ડુંગર ચઢતી, ફ્રૉકના ખિસ્સામાં ચણા ભર્યા છે અને મસ્તીથી એ ખાતાં ખાતાં ખાસ્સું એવું ફરીને પાછી નીચે ઉતરું છું. કયારેક યાદ આવે છે. વડના પાદડાંમાં મળતાં પાંચ પૈસાના આઈસ્ક્રીમનો સ્વાદ, મીઠ્ઠો અને ઠંડો ઠંડો. આજે ગમે તેટલો મોંઘોદાટ આઈસ્ક્રીમ મંગાવ્યો હોય પણ એ વડના પાંદડાવાળા આઈસ્ક્રીમનો સ્વાદ યાદ આવી જાય છે. અત્યારે હાથમાં રહેલો આઈસ્ક્રીમ ખાવો ગમતો નથી, પાછો મૂકી દઉં છું. આવાં તો અનેક દશ્યો ફિલ્મની પટ્ટીની જેમ સરકતાં જાય છે, એનો અંત આવતો નથી.

આવો અનુભવ સૌ કોઈને છે. સારી ભાષામાં એને **Nostalgia** કહે છે. જેમાં ભૂતકાળ વાગોળવો પડે છે, ખાસ કરીને બાળપણ.

આપણે બધાં તો સામાન્ય માણસો છીએ પણ સ્વામી આનંદ જેવા પ્રખર વિદ્વાન અને ઊંચી કોટીના સંત પણ બોલી ઊઠે છે.

'ધન્ય તે બાલપણ દેઈ દેવા ! ફિરુની !' અને પોતે બાળપણનાં સ્મરણો લખી તે પળો ફરીથી જીવી લેવા માગે છે.

તેથી જ જગજીતસિંઘ જેવા પ્રખ્યાત ગાયક પણ...

**યે દૌલત ભી લે લો, યે શોહરત ભી લે લો,**
**ભલે છીન લો મુજસે મેરી જવાની,**
**મગર મુજકો લૌટા દો બચપન કા સાવન,**
**વો કાગજ કી કશ્તી વો બારીશ કા પાની,**

... ગાતાં ગાતાં ભાવુક બની જાય છે.

## વિક્રમે એક ટ્રસ્ટની રચના કરી, તેમાંથી જરૂરીયાતમંદને સ્કૉલરશીપ આપી પગભર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ઘણાં જ વિદ્યાર્થીઓએ આ સ્કૉલરશીપનો લાભ લઈ પગભર થયા છે...




ભાવનગર શહેરના માધવ કોમ્પલેક્ષમાં ચંપકલાલ 'જાનકી શૅર બ્રોકર એન્ડ ફાઈનાન્સર' કંપની ધરાવે છે, જેમાં શરદ વર્ષોથી કાર્ય કરે છે. શરદની નિયમિતતા તથા નિષ્ઠાપૂર્વકની સેવાને લીધે, ચંપકલાલ કોઈ વખત બે-ત્રણ દિવસ માટે બહાર જવાનું થાય ત્યારે પણ કંપની જવાબદારી શરદને સૌંપવામાં આવતી. કંપનીમાં છ કર્મચારીઓ કામ કરે છે.

એક દિવસ ચંપકલાલની હાજરીમાં શરદને ધ્રુજારી થઈ, શેઠે શરદનો હાથ પકડ્યો, શરીર ખૂબ જ ગરમ લાગ્યું તેથી ડૉકટરને બોલાવતાં દવા વિગેરે આપ્યા પછી શરદને પોતાની કારમાં ઘરે આરામ કરવા મોકલી દેવાયો. ઘરે આરામ ન થતાં શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે, જયાં ત્રણ દિવસની સારવાર પછી અવસાન થાય છે. ડૉકટર સાહેબે જણાવ્યું કે ઝેરી મેલેરિયા થવાથી અવશાન થયું છે. શરદની પત્ની સાવિત્રી તથા ૧૪ વર્ષના પુત્ર વિક્રમ ઉપર જાણે સંસારમાં એકલા કેવી રીતે રહેવાશે? પુત્રનું શું થશે? તે વિચારતાં સાવિત્રી રડી પડે છે પરંતુ મક્કમ મને નક્કી કરે છે કે પુત્ર વિક્રમ ભણવામાં ખૂબ જ હોંશિયાર હોવાથી સારું શિક્ષણ આપવું અને મોટો અધિકારી બનાવવાનું મનોમન નક્કી કરે છે. નાના વિક્રમે પણ પોતાની 'મા' ને સંપૂર્ણ સહકાર આપી, થોડા દિવસ પછી મદદરુપ થવા સારું, રોજ સવારે પેપર નાખવાનું શરું કરે છે.

એક દિવસ સવારે પેપર નાખતાં, તેના વિસ્તારમાં એક વયોવૃદ્ધ વડીલને પોતાની કાર ધોતાં જુએ છે. તેની પાસે આવી પ્રશ્ન કરે છે કે, તમે જે કાર ધોઈ રહ્યા છો તે કામ મને સોંપો. તથા રોજ આ બાજુ પેપર નાખવા આવું છું તો પેપર લેવાનું શરુ કરો કે જેથી શાળામાં મારી ફી બાકી છે તે હું ભરી શકું અથવા મને થોડીક આર્થિક સહાય કરો. ગાડી ધોતાં વડીલે કહ્યું કે ભાઈ હું તને ઓળખતો નથી અને તું મને ઓળખતો નથી. તેથી હું તને આર્થિક મદદ કરી શકું તેમ નથી. હું નિવૃત્ત જજ છું. પહેલા સુરત રહેતો હતો પરંતુ સુરત મને ખૂબ જ ભરચક લાગ્યું અને ભાવનગર કલાનગરી તેમજ શાંત છે તેવું મેં સાંભળ્યું હતું તેથી મેં અડી સ્થળાંતર કર્યું છે. મારો એક દીકરો કેનેડા છે અને નાનો દીકરો અમેરિકા છે. અમે બને જણાં એકલાં અહીં રહીએ છીએ. મારું નામ જરદોશ છે તેમ છતાં કાલે તું મને અચુક મળજે.

આમ વાર્તાલાપ પુરો થયા પછી બપોરના સમયે વિક્રમે આપેલ સરનામે એટલે કે ઘોઘા સર્કલ પાસે આવેલ શાળાના આચાર્યોશ્રીએ જરદોશ સાહેબ મળે છે આચાર્યશ્રીએ કહ્યું કે વિક્રમ અમારી શાળાનો વિદ્યાર્થી છે અને ભણવામાં ખૂબ જ હોંશિયાર છે. શાળાને તેને માટે માન છે. થોડા દિવસ પહેલાં જ તેના પિતાશ્રીનું અવસાન થતાં, અમે તેને ફીમાં રાહત આપી છે, અમે વધારે રાહત આપી શકીએ તેમ નથી કારણ કે બીજા વિદ્યાર્થીઓના પ્રશ્ન ઊભા થાય. વિક્રમે લગભગ આઠ હજાર જેટલી ફી ભરવાની બાકી છે. જે આપણી જાણ માટે. આ માહિતી જાણ્યા પછી વિક્રમ. બીજે દિવસે મળે છે ત્યારે જરદોશ સાહેબ જણાવે છે કે તારી બાકીની ફી ભરાય જશે તેથી તારે હવે ભણવામાં ખૂબ જ ધ્યાન આપવું પડશે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# કોર્મસીયલ સરોગેશી ઉપર પ્રતિબંધ

## હવેથી વિદેશી દંપતીઓ ભારતમાં સરોગેશી સંતાન નહી મેળવી શકે






સરોગેશી શબ્દ હવે ભારતમાં અજાણ્યો નથી. ઘણા દંપતીઓ સંતાન પેદા કરવામાં સક્ષમ હોવા છતાં પત્નીના મેડિકલ કારણોસર માતા બની શકે તેમ ના હોય તેને આઈવીએફ ટેકનોલોજી દ્વારા દંપતીના પ્રજનનકોષોને તૈયાર કરવામાં આવે છે જે ભ્રૃણ બનતા તેને ત્રીજી મહિલાના ગર્ભાશયમાં સ્થાપિત કરી બાળક પેદા કરવાની પ્રક્રિયાને સરોગેશી શબ્દ એટલે કે ભાડાની કુખથી ઓળખવામાં આવે છે હવે સરોગેશી માતા એ ઈન્સ્ટ્રીઝનું સ્વરૂપ લઈ લીધુ છે તેમા કેટ કેટલાય કાયદાના પ્રશ્નો ઉભા થાય છે. કોખ ભાડે આપવાનો આખો ધંધો શરૂ થઈ ગયેલ છે. નડિયાદ, આણંદ આના એપીક સેન્ટરો છે. ઘણા દેશી વિદેશી દંપતીઓ સરોગેશી માટે ગુજરાતને શ્રેષ્ડ વિકલ્પ માની આ ઈન્ડસ્ટ્રીઝનો લાભ મેળવી સંતાન સુખ પ્રાપ્ત કરી શકયા છે.

જેમાં ગરીબ મહિલાઓનું શોષણ થાય છે. અનિયંત્રિત બનેલા સરોગેશી બિઝનેશથી કેટલીય મહિલાનું શારિરીક શોષણ કરવામાં આવે છે અને સ્ત્રીનું શરીરએ બાળક પેદા કરવાનું મશીન સમજી સરોગેશીનો ધંધો જ ચાલુ કરી દીધેલ છે.

ભારતમાં અન્ય મહિલાની કુખ ભાડે રાખી બાળક મેળવવા ઈચ્છતા વિદેશી દંપતીઓ માટે દેશમાં ધમધમતી સરોગેશી ઈન્ડસ્ટ્રીઝ પર સરકારે લગામ કસવાની તૈયારી કરી છે. આ મામલે દાખલ થયેલ એક પીટીશનમાં સુપ્રિમ કોર્ટમાં જણાવેલ છે કે સરકાર કોર્મસીયલ સરોગેશીને સમર્થન આપતી નથી. સરકાર ભારતમાં કુખ ભાડે રાખી બાળક મેળવવા ઈચ્છતા વિદેશી દંપતીઓને અપાતી સેવા પર પ્રતિબંધ લાદવાની યોજના બનાવી રહી છે. ટૂંક સમયમાં તેના દિશા નિર્દેશનો સરકાર તરફથી બહાર પાડવામાં આવશે ફકત ભારતીય દંપતીને જ સરોગેશી માટે પરવાનગી આપવામાં આવશે વિદેશી નાગરિકોને આનો લાભ મળી શકશે નહી જેથી મેડિકલ ટુરીઝમને અસર થશે. અત્યાર સુધી અનિયંત્રિત રહેલા આ ધંધામાં ગરીબ મહિલાઓનું પૈસા કમાવવાનું સાધન જ ગણવામાં આવે છે. સરકારે આ માટે પણ કાયદો લાવવો જોઈએ.

વધુમાં કોર્મસીયલ સરોગેશી માટે વિદેશી દંપતીને પ્રતિબંધ મુકાતા માનવ ભ્રૃણની તસ્કરી તથા આયાત થવાની સંભાવના પ્રબળ રહેલ છે જેના ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવશે. દેશમાં તૈયાર કરેલ ભ્રૃણ પ્રત્યારોપણ માટે બહાર કે વિદેશ મોકલવા માટે પ્રતિબંધ લદાશે. આ માટે ૨૭ ઓકટોમ્બરે સરકારે જાહેનામું બહાર પાડી કાયદો બનાવવો ફરજીયાત છે. કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયે સુધારેલ જાહેરનામું બહાર પાડી સારોગેશી માટે વિદેશમાંથી માનવ ભ્રૃણ આયાત કરવા પર પ્રતિબંધ લાદી દીધો છે. હવેથી ફકત રીસર્ચ માટે જ માનવ ભ્રૃણ આયાત થશે જેના કાયદાકીય ટેકનિકલ લાભમાં પણ કાયદાનો લાભ ગેરકાયદેસર રીતે લેવાય નહી તેવી સંભાવનાઓ છે.

આરોગ્ય એ રાજય સરકારની બાબત હોવાથી સરોગેશી ઈન્ડસ્ટ્રીઝને નિયંત્રિત કરતા કાયદાનો મુસદ્દો ઠરાવ સૂચનો માટે રાજય સરકારોને કેન્દ્ર સરકારે મોકલી આપેલ છે. સરકારે સુપ્રિમ કોર્ટમાં ખાતરી આપતું સોગંદનામું રજુ કરેલ છે કે સરકાર સરોગેશી માતાઓના અધિકારોને રક્ષણ આપવા કોર્મસીયલ સરોગેશીને દંડિત કરવા જેવી કડક જોગવાઈઓ લાવી એક ખરડો પસાર કરશે. સરોગેશી દ્વારા ઉત્પન્ન થયેલ સંતાન ઉપર કોનો અધિકાર રહેશે તે અંગે પણ કાયદામાં જોગવાઈઓ લવાશે.

ઉપરોકત પ્રતિબંધથી વાર્ષિક ૪૪૫ મીલીયન ડોલરની સરોગેશી ઈન્ડસ્ટ્રીઝને ફટકો પડશે. મેડિકલ ટુરીઝમ ઘટશે પરંતુ આવક કરતા મહિલાનું જાતીય રક્ષણ મહત્વનું ગણેલ છે. કાયદાના નિયમોની ઉણપને કારણે સરોગેશી ઉદ્યોગ મોટાપાયે ફુલ્યો ફાલ્યો છે અને અનેક ગરીબ લોકોનું શોષણ થયુ હવે સરકારનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય આ માટે ચોક્કસ નિતિ નિયમો બનાવી કાયદો લાવી કડકપણે પાલન કરાવશે તેવી બાંહેધરી કેન્દ્ર સરકારે અપેલ છે. ઉપરોકત કાયદાથી વિદેશી દંપતી ભારતમાં સરોગેશી સંતાન પ્રાપ્ત કરી શકશે નહી અને ૨૦૧૩ માં બનેલા સરોગેશી કાયદામાં નિયમમાં સંપૂર્ણ ફેરફાર લાવવામાં આવશે જેથી ગરીબ મહિલાઓનું જાતિય શોષણ અટકશે. ખરા અર્થમાં મહિલાઓનું સશક્તિકરણ થશે અને સ્ત્રીની શક્તિનો દૂરઉપયોગ નાણા કમાવવા નહી થાય.